





# સાહેબજી પ્રાગટ્યપર્વે... આનંદ... સહજાનંદ !

**સર્વસ્વ** મારું જે માન્યું
તે તું સ્વીકારી લે !
નિષ્કામ બનાવી
નિરાકાર કરી દે !
પ્રાર્થના થતાં... ચિંતન ચાલ્યું
મારું – અમારું સર્વસ્વ શું ?
'હું' – અહં તે સૌથી વ્હાલું
તે તું સ્વીકારી લે.
સાચા હૃદયથી માગ્યું
તે સ્વીકાર્યું છે
આપે તે માન્યું
તો આ સર્વ આપનાં
તે સૌનું દાસત્વ સ્વીકાર્યું
'સ્વામિનારાયણ' સૌ માથાના મુગટ
તે સૌ દિવ્ય તે મનાયું.
સર્વમાં આપ જ પ્રેરક
સૌને આપ જ વરતાવો
તે સ્વીકાર્યું...
સહજ દિવ્ય મનાવ્યું.
સર્વને મળતાં... દિવ્ય છે
તો તત્કાળ નમી દેવાયું.

સૌ મોટાં... આપનાં જ સ્વરૂપો
તેઓ પ્રતિ પ્રેમ છલકાય છે
સહજ વંદન થાય છે
નિર્દોષ મનાય છે
અંતરે હાશ ! અનુભવાય છે
શ્રીજી સ્વામી સ્વરૂપ યોગી
યોગીસ્વરૂપ હે સાહેબજી ! આપ
આપનાં જ આ સ્વરૂપો
તે માનતાં સહજાનંદ ! સહજાનંદ !
બીજી પ્રાર્થના...!
નિષ્કામ બનાવી...
નિરાકાર કરી દે !
કામના એક તને રાજી કરવાની
તારાં સૌ સાથે દાસભાવે વર્તાય
બિનશરતી દાસત્વ...
કોઈની પાસે કોઈ અપેક્ષા નહિ
સૌ તારાં...
તારી કૃપાનાં યશભાગી
સૌ તને ચાહે...
તું સૌ પર આશિષ વરસાવે
તે સૌ બહુ મોટાં

તેઓ પ્રતિ કેવલ પ્રેમભાવ
સૌ પ્રતિ કેવલ દિવ્યભાવ
તે થયું છે... તો હાશ !
નથી થયું તો કરી જ લેવા નિર્ધાર
મહિમા સમજવાની ઝીણી ઝીણી કસર
આપ મળ્યા... તો કસર ટાળી જ લેવી
તે વિચારે વાણી ને વર્તન... સૌ સાથે...
તો આપ રાજી રાજી રાજી !!!
પ્રતિપળ આ જાગ્રતતાથી જીવવા બળ દે
હું ટળે હરિ ઢૂંકડા...
હું ટળે હરિમાં એકાકાર
હું નથી જ... શૂન્ય છું
અસ્તિત્વ નથી... આપમાં વિલીન
આપનાં આ સૌમાં વિલીન
તે નિરાકાર... આપમાં તદાકાર
હે દયાળુ સાહેબદાદા !
માગ્યું તે મળશે જ
અમને સૌને મળશે... જ
તે ભાવે... પ્રાગટ્યપર્વે...
આનંદ... સહજાનંદ !
તું રાજી છું જ...
તેવા ભાવે અનંત વંદન !

## સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.
૨૪.૨.૨૦૨૨, સાહેબ પ્રાગટ્યમંગલ નિમિત્તે.